सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ રજુ તા. | **૦૧–૦૧–૨૦૧૫** |
| કેસ રજી તા. | **૦૧–૦૧–૨૦૧૫** |
| કેસ ફેસલ તા. | **૧૩–૦૯–૨૦૨૩** |
| સમય ગાળો: ૦૮ વર્ષ,૦૮ માસ,૧૨ દિવસ | |

**<u>મહેમદાવાદના મે. પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની અદાલતમાં, તા.મહેમદાવાદ,જી. ખેડા.</u>**

**કો.મુ.નં.૦૧/૨૦૧૫**
**આંક–**

**વાદી:–** ભેમાભાઈ શકરાજી સોઢા, ઉ.વ.આ.પુખ્ત,
રહે.અજબપુરા, (ઘોડાસર), તા.મહેમદાવાદ, જી.ખેડાના
કુલમુખત્યાર તરીકે જગદીશભાઈ ચંદુભાઈ બારૈયા,
રહે.કાચ્છઈ, તા.મહેમદાવાદ, જી.ખેડા.

**<u>વિ રુ ધ્ધ</u>**

**પ્રતિવાદી:** (૧) ફતાજી કાળાજી સોઢા, ઉ.વ.આ.પુખ્ત,
રહે.અજબપુરા, (ઘોડાસર), તા.મહેમદાવાદ, જી.ખેડા
(૨) મંગળજી શકરાજી સોઢા, ઉ.વ.આ.પુખ્ત,
રહે.અજબપુરા, (ઘોડાસર), તા.મહેમદાવાદ, જી.ખેડા
(૩) પોપટભાઈ શકરાજી સોઢા, ઉ.વ.આ.પુખ્ત,
રહે.અજબપુરા, (ઘોડાસર), તા.મહેમદાવાદ, જી.ખેડા
(૪) ભલાભાઈ શકરાજી સોઢા, ઉ.વ.આ.પુખ્ત,
રહે.અજબપુરા, (ઘોડાસર), તા.મહેમદાવાદ, જી.ખેડા
(૫) પુંજીબેન શકરાજી સોઢા, ઉ.વ.આ.પુખ્ત,
રહે.કરેલી, તા.મહેમદાવાદ, જી.ખેડા
(૬) સોલંકી ભેમાજી શંભુજી, ઉ.વ.આ.પુખ્ત,
(૭) સોલંકી બચુજી શંભુજી, ઉ.વ.આ.પુખ્ત,
(૮) સોલંકી અરવિંદજી શંભુજી, ઉ.વ.આ.પુખ્ત,

નં.૬ થી ૮ ના રહે.મંગુજી હીરાજીનો કુવો,

મુ.વસ્ત્રાલ, તા.દસક્રોઈ, જી.અમદાવાદ.

---

**વાદી તરફે વિ.વકીલશ્રી એમ.એ.પઠાણ**
**પ્રતિવાદી નં.૧, ૬ થી ૮ તરફે વિ.વ.શ્રી આર.કે.જોષી**
**પ્રતિવાદી નં.૨ થી ૪ તરફે વિ.વ.શ્રી એસ.પી.સોઢાપરમાર**

---

**-:: જજમેન્ટ ::-**

**બાબત:** દાવો રૂ.૪,૭૩,૧૦૦/- ના આંકથી દસ્તાવેજ રદ કરાવવા તથા ડેકલેરેશનનો અને જાથુના મનાઈ હુકમ મેળવવા માટેનો તથા મીલકતની કકડાવાર વહેંચણી કરી વાદીના ભાગે આવતી મીલકત કબજા સહીત અપાવવા માટેનો...

(૧) વાદી ધ્વારા હાલનો દાવો પ્રતિવાદીઓ સામે ડેકલેરેશનનો તથા જાથુના મનાઈ હુકમ તથા મીલકત વહેચણી કરી ભાગે આવતી મીલકત કબજા સહીત મેળવવા કરવામાં આવેલ છે.

(૨) વાદીના દાવાની સંક્ષિપ્ત હકીકત છે કે, ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ખેડા, તા.મહેમદાવાદ મોજે ગામ મોટી ટીંબલીની સીના બ્લોક/સર્વે નં.૩૭, ખાતા નં.૪૨, હે.આરે.૦૦-૮૮-૦૨, ચો.મી.આકાર રૂા.૩.૮૧ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન વાદીના સ્વ. પિતાશ્રી શકરાજી કાળાજી સોઢાની સંયુકત માલીકી કબજા ભોગવટાની આવેલ હતી. જેના ખુંટની વિગત નીચે મુજબ છે.

***પુર્વ : ગગાભાઈ ચતુરભાઈની જમીન આવેલી છે.***

***પશ્ચિમ : ચંદુભાઈ પુનમભાઈની જમીન આવેલી છે.***

***ઉત્તરે : ગગાભાઈ ચતુરભાઈની જમીન આવેલી છે.***

***દક્ષિણે : પુજાભાઈ જેણાભાઈની જમીન આવેલ છે.***

આમ, ચારેય ખુટની વચ્ચે જમીન વાદી તથા પ્રતિવાદી નં.૧ થી ૪ ની વડીલોપાર્જીત સંયુકત માલીકી કબજા ભોગવટાની આવેલી હતી. જયારે શકરાજી કાળાજીને પ્રથમ પત્ની ચંચળબેન (મૈયત) કરીને હતા અને તેઓને સંતાનમાં મંગળજી

(પ્રતિવાદી નં.૨), પોપટભાઈ(પ્રતિવાદી નં.૩), ભલાભાઈ(પ્રતિવાદી નં.૪), ભેમાભાઈ (વાદી) કરીને છે. જયારે શંકરાજીની બીજી પત્ની નામે પુંજીબેન (હયાત) (પ્રતિવાદી નં.૫ ) કરીને છે.

દાવાવાળી જમીન વાદીના સ્વ.પિતા શકરાજીની વડીલોપાર્જીત હોઈ દાવાવાળી જમીનમાં વાદીના સ્વ.પિતા શકરાજીની વારસાઈની રુઈએ વાદીનો વણવહેંચાયેલો વરાડે પડતો કાયદેસરનો હકક-હિસ્સો છે અને પોષાય છે. વાદી છેલ્લા ૨૦-૨૫ વર્ષથી મજુરી અર્થે બહાર ગામ રહેતા હોય અને મજુરીની શોધખોળમાં એક ગામથી બીજા ગામ ફરતા રહેતા આવેલા છે અને ટુંકા મહેતાણાના આધારે વાદી તેઓના પેટના બે ટાંટીયા ભેગા કરતા આવેલ છે અને વાદી દાવા અરજીમાં જણાવેલ સરનામે પરત આવેલ ત્યાર બાદ વાદી દાવાવાળી જમીનમાં જતા પ્રતિવાદી નં.૬ થી ૮ નાઓએ દાવાવાળી જમીનમાં પ્રવેશ કરતા અટકાવેલ અને દાવાવાળી જમીનમાં કોઈ હકક હિસ્સો નથી અને દાવાવાળી જમીન તેઓની છે અને અહી પગ મુકયો છે તો જોવા જેવો કરી નાંખીશ તેવી ધમકી આપેલ. ત્યાર બાદ વાદીએ તા.૨૬/૧૧/૧૪ ના રોજ દાવાવાળી જમીનની ૭/૧૨ ના ઉતારાની નકલો કઢાવતા જાણવા મળેલ કે દાવાવાળી જમીનમાં પ્રતિવાદી નં.૬ થી ૮ નાઓના નામો ચઢેલ છે જેથી વાદી ખુબ આશ્ચર્ય પામેલ અને આ નામો કઈ રીતે ચઢેલ તે જોવા દાવાવાળી જમીનમાં પડેલ નં.૬ હકક પત્રકનોની નકલો કઢાવેલ ત્યારે વાદીને ફેરફાર નોધ નં.૮૫૪ જોતા જાણ થયેલ કે દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ વાદીના સ્વ.પિતા શકરાજી કે જેઓ તા.૧૫/૬/૧૧ ના રોજ ગુજરી ગયેલ છે ત્યાર બાદ પ્રતિવાદી નં.૧ નાઓ કે જે વાદીના સ્વ.પિતા શકરાજી કાળાજીના સગા ભાઈ અને વાદીના સગા કાકા થાય છે તેઓએ મહેમદાવાદ મહે.એકઝુ.મેજી.સમક્ષ ખોટુ સોગંદનામુ કરી અને તેના આધારે ત.ક.મંત્રી પાસે ખોટા પંચો ઉભા કરી ખોટા પંચનામાને આધારે ખોટુ પેઢીનામુ બનાવડાવેલ અને સદરહું કહેવાતા ખોટા પેઢીનામાના આધારે પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ મામલતદાર કચેરીમાં ફેરફાર નોધ નં.૮૫૪ તા.૯/૧૧/૧૧ ના રોજ પડાવેલ અને સદરહું નોધ તા.૯/૩/૧૨ ના રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યાર બાદ દાવાવાળી જમીન ફેરફાર નોધ નં.૮૬૯ થી પ્રતિવાદી નં.૬ થી ૮ નાઓના નામ ચઢેલ છે અને વાદીએ તા.૨૬/૧૧/૧૪ ના રોજ સદરહું ફેરફાર નોધની નકલ કઢાવતા સદર નોધ વહેચણની હોઈ જે વેચાણ દસ્તાવેજની નકલ વાદીએ તા.૨૫/૧૧/૧૪ ના રોજ કઢાવેલ અને વાદીને જાણવા મળેલ કે, આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ મળી વાદીની હકીકતો જાણતા હોવા છતાં ખોટા પેઢી નામા ને કરાવેલ કહેવાતી વારસાઈ પડાવી વાદી દાવાવાળી જમીનના કાયદેસરના વારસદાર છે તેની હકીકતો છુપાવી દાવાવાળી જમીનનો રજી.વેચાણ દસ્તાવેજ નં. ૭૯૩/૧૨, તા.૧૨/૭/૧૨ ના રોજ પ્રતિવાદી નં.૬ થી ૮ નાઓને લખી આપેલ છે. દાવાવાળી જમીનમાનો વાદીનો વારસદારની રુઈએ વારસાઈ હકકે વણવહેચાયેલો વરાડે પડતો કાયદેસરનો હકક હિસ્સો વેચાણ આપવાનો કોઈને હકક–અધિકાર નથી અને સદર દસ્તાવેજમાં વાદીએ સહી કરેલ ન હોઈ, સદર દસ્તાવેજ અધુરો હોઈ બીન અમલી છે.

વધુમાં દાવા અરજીમાં વાદી નામદાર કોર્ટને જણાવે છે કે, પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ પ્રતિવાદી નં.૬ થી ૮ નાઓએ સદર જમીન રજી.વેચાણ દસ્તાવેજ થી વેચાણ આપેલ છે અને સદર વેચાણની નોધ મહેમદાવાદ ઈ–ધરા મામલતદાર કચેરીમાં ફેરફાર નોંધ નં.૮૬૯ થી પડાવેલ અને સદર હું નોંધ રદ કરાવવા પ્રતિવાદી નંબર–૫ નાઓએ વાંધા અરજી આપેલ અને કામે તકરારી કેસ નં.૧૫૮/૧૨ થી કેસ ચાલી ગયેલ તેમ વાદીને હાલ જાણમાં આવેલ કે પ્રતિવાદી નં.૫ નાઓએ સદર કહેવાતા ખોટા પેઢી નામા ના આધારે થયેલ કહેવાતી વારસાઈને કબુલ રાખી નોંધ મંજુર કરાવવા સમાધાન કરી લીધેલ છે યાને વાદીને માનવાને કારણ મળે કે સદર વારસાઈ ખોટી હોવા છતાં આ પ્રતિવાદી નં.૫ કે જે વાદીના સ્વ.પિતાના બીજી વિધવા પત્ની થાય છે, તેઓનાઓએ પણ વાદીનો હકક હિસ્સો ડુબાવડા સદર નોધને પ્રમાણીત કરવા સમાધાન કરેલ છે. પરંતુ તેની વધુ માહીતી વાદી પાસે હાલ ન હોવાથી સદર નોંધ તથા તકરારી કેસના હુકમ તેમજ બીજા કાગળો કઢાવી રજુ કરવાનો હકક અબાધીત રાખી સદર દાવામાં તેઓને પ્રતિવાદી તરીકે જોડેલ છે.

વાદી શકરાજી કાળાજીના કાયદેસરના પ્રથમ સીધી લીટીના વારસદારો હોવા છતાં સદર કામના પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ પ્રતિવાદી નં.૬ થી ૮ નાને ખોટા પેઢી નામાના આધારે અધુરી વારસાઈ નોધ પડાવી વાદીને સંયુકત મીલકતમાં આવેલ વાદીના હકક, હિસ્સા અને માલીકનો ઈન્કાર કરી વાદી સ્વ.શકરાજી કાળાજીના વારસદાર છે તે હકીકત છુપાવીને '' રજી.વેચાણ દસ્તાવેજ નં.૭૯૩, તા.૧૨/૭/૧૨ ના રોજ કરી આપી ત્યાર બાદ વાદી સદર તેમોના ઘરે પરત આવી ૩૦ થી ૩૫ દિવસ પહેલાં તેઓની વડીલોપાર્જીત આવેલ જમીનમાં ગયા ત્યારે પ્રતિવાદી નં.૬ થી ૮ નાએ જણાવેલ કે સદર જમીન આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ પ્રતિવાદી નં.૬ થી ૮ નાઓને વેચી દીધેલ છે અને તેમ કહેતા પ્રતિવાદી નં.૬ થી ૮ નાએ વાદીને કહેલ કે સદર જમીન અમારી છે અને જો જમીનમાં પગ મુકયો છે તો તને જોયા જેવી થઈ જશે તેવી ધમકી આપી ત્યારથી ઉત્પન્ન થયેલ રોજ બરોજ જારી છે.

**(૨.૧)** સદર દાવો કરી દાદ માંગેલ છે કે, (અ) ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ખેડા, તા.મહેમદાવાદ મોજે ગામ મોટી ટીંબલીની સીમના બ્લોક/સર્વે નં.૩૭, ખાતા નં.૪૨, હે.આરે. ૦૦–૮૮–૦૨, ચો.મી.આકાર રૂા.૩.૮૧ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીનમાં વાદીનો કાયદેસરનો વડીલોપાર્જીત હકક હિસ્સો પોષાય છે તેમ જાહેર કરી પ્રતિવાદી નં .૧ થી ૪ નાઓ પ્રતિવાદી નં.૬ થી ૮ નાઓને લખી આપેલ કહેવાતો રજી.વેચાણ દસ્તાવેજ નં.૭૯૩/૧૨ શરુઆતથી જ ખોટો, ગેરકાયદેસરનો તથા અધુરો હોઈ બીનઅમલી અને વાદીને બંધનકર્તા નથી તેમ જાહેર કરી સદર દસ્તાવેજ રદબાતલ ઠરાવવા, (બ) ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ખેડા, તા.મહેમદાવાદ મોજે ગામ મોટી ટીંબલી ની સીના બ્લોક/સર્વે નં.૩૭, ખાતા નં.૪૨, હે.આરે.૦૦–૮૮–૦૨, ચો.મી.આકાર રૂા.૩.૮૧ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન આ કામના પ્રતિવાદી નં.૬ થી ૮ પોતે જાતે અથવા તેમના માણસો, નોકરો, એજન્ટો, કુલમુખત્યારો, એસાઈનીઓ, ટ્રાન્સફરીઓ વગેરે ધ્વારા કોઈને કોઈપણ પ્રકારે વેચાણ, ભાડે,ગીરો, બક્ષીસ, એસાઈન કે ટ્રાન્સફર વગેરેના કોઈપણ પ્રકારના લખાણ/ લખાણો/ વ્યવહારોના આધારે સદરહું જમીનોનો કોઈને પ્રત્યક્ષ કબજો સોંપે સોપવે નહી તથા આવા કોઈપણ

પ્રકારના લખાણ/ વ્યવહારના આધારે સદરહું જમીન ઉપર કોઈપણ પ્રકાર ની લોન લઈ સદરહું જમીન ઉપર બોજો તારણ ઉભુ કરે કરાવે નહી તેવો વાદીની તરફેણમાં તથા પ્રતિવાદી નં.૬ થી ૮ ની વિરુધ્ધમાં કાયમી મનાઈ હુકમ ફરમાવવા તથા નામદાર કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી દાદ અપાવવા અને દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અરજ કરેલ છે.

(૩) સદર દાવાની નોટીસ પ્રતિવાદીને કાઢતા પ્રતિવાદીઓને નોટીસ બજી જતાં પ્રતિવાદી ઓ તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને આંક–૨૦ થી પ્રતિવાદી નં.૧ તરફે લેખીત જવાબ રજુ કરેલ છે. જેમાં વાદીએ પેરા નં.૧ માં દર્શાવેલ ગામ મોટી ટીંબલી ના બ્લોક સર્વે નં.૩૭, ખાતા નં.૪૨ ની ક્ષેત્રફળ ૦–૮૮–૦૨ ચો.મી. આકાર ૩.૮૧ વાળી જુની શરતની જમીન સંયુકત માલીકીની હોઈ તેમજ ચાર ખુંટની વિગત બાબતે તકરાર નથી. આ કામના વાદીએ પેઢીનામુ પુરવાર કરવુ જરુરી છે, પ્રતિવાદીએ તેમના વરાડે આવતી જમીન વેચવા હકકદાર હોઈ કોઈ ખોટુ કરેલ નથી, પ્રતિવાદી વાદીના કાકા થતાં હોય અને તેઓએ કઈ ખોટુ કામ કર્યુ હોઈ તેવ પુરાવો વાદીએ રજુ કરેલ લીસ્ટમાં સામેલ નથી. આ કામના દસ્તાવેજ બાબતે વાદીના ભાઈઓ પ્રતિવાદી પાસે આવીને કહેતા હતા કે ૭/૧૨ ના ઉતારામાં તમારુ અને તેઓ ત્રણ ભાઈઓના નામ છે. જેથી દસ્તાવેજ થવા પાત્ર નકલ હોઈ તમો દસ્તાવેજ કરવા આવજો તેથી અમો અમારા ભાગે આવતી જમીન કે જે અમારા હકકનો વેચાણ કરેલ છે. વાદીના હકક હિસ્સાનો વેચાણ પ્રતિવાદી નં.૨ થી ૪ નાઓના વેચાણમાં સમાવેશ થયા છે. આમ વાદીએ પ્રતિવાદીને આ કામે ખોટા પક્ષકાર બનાવેલા છે. પ્રતિવાદીએ તેઓના હકક હિસ્સાનો વેચાણ દસ્તાવેજ કરેલ અને વેચાણ રાખનારે શુધ્ધબુધ્ધીથી દસ્તાવેજ કરાવેલ છે. જેથી વેચાણથી પ્રક્રિયા કાયદેસરની હોઈ તેમજ રેવન્યુ અધિકારીઓએ જમીનના તમામ પ્રકારના ફેરફાર નોંધો જોઈ તપાસીને પ્રમાણીત કરેલ હોઈ જેથી વાદીએ જણાવ્યા મુજબ દસ્તાવેજ અધુરો કે બીનઅમલી ઠરાવી શકાય નહી. જો દસ્તાવેજ બીનઅમલી કે અધુરો ઠરાવવામાં આવે તો તેઓનું સાચુ વેચાણ ગેરકાયદેસર ઠરે. હકીકતની વિગત જોતા આ કામના પ્રતિવાદી નં.૨ થી ૪

નાઓએ તેમના પરીવારની જમીન વેચાણ કરેલ છે જે વાદીની સ્પશર્તી બાબત છે. પેરા નં.૬ માં વાદીના જણાવ્યા પ્રમાણે પ્રતિવાદીએ વેચાણ આપેલ જમીનની ફેરફાર નં. ૮૬૯ જે પ્રમાણીત થયેલી હોઈ તે બાબતે તકરારી કેસ નં.૧૫૮/૧૨ ની વિગતે વાદીએ આ કામે જે વિગત જણાય છે તે બાબતે પ્રતિવાદી નં.૧ નાઓને કોઈ જાણકારી નથી તેમજ વાદી અધુરી વિગત સાથે નામદાર કોર્ટેને ગેરમાર્ગે દોરી રહયા છે.પ્રતિવાદી એ વાદીના કોઈપણ પ્રકારના હકક હિસ્સાનું નુકશાન કરેલ નથી. પરંતુ સાચી હકીકત એ છે કે, વાદગ્રસ્ત જમીનમાં અમારા પોતાનો જે સાચો હકક હિસ્સો સમાતો હતો તે જ અમોએ વેચાણ કરેલ છે.તેમજ વાદી જણાવે છે તે પ્રમાણે વાદી ઘરે પરત આવી આવ્યાનું જણાવે છે પરંતુ વાદી ઘરે કયારે આવ્યા તેવી કોઈ વિગત જણાવતા નથી. આમ, વાદી અંધારામાં તીર મારે છે. તેમજ પેરા નં.૭ માં જણાવેલી હકીકત સાચી અને ખરી નથી કે વાદી જમીનમાં પ્રવેશ કરવા માંગતા હોઈ અને વાદીને કોઈપણ પ્રતિવાદીએ રોકયા નથી કે તકરાર કરી નથી અને તકરાર કરી હોઈ તેવી હકુમતના કોઈપણ પો.સ્ટે.માં ફરીયાદ નોંધાયેલ નથી. જેથી વાદી ગપગોળા મારીને દાવાનું કારણ ઉપસ્થિત કરે છે. જો ના.કોર્ટ દાદ આપે તો પ્રતિવાદીએ અમારા હકક હિસ્સો વેચાણ કરેલ છે જે સાચી રીતે અમારા હકકની હોઈ તેમજ અમોએ વેચાણ કરેલ છે. જેથી વાદીએ માંગ્યા મુજબની દાદ આપી શકયા નહી. વાદીએ જણાવ્યા મુજબ વાદીનો કાયદેસરની હકક હિસ્સો પોસાતો હોઈ તે બાબતે વાદી જમીન કોઈપણ ચાર ખુંટની દિશામાં છે તેવું દર્શાવવા માટે કોઈ વિગત કે ચાર ખુંટની વર્ણન કરતુ પુરાવામાં લીસ્ટથી રજુ કરેલ નથી. તેમજ વાદીનો હિસ્સો કેટલા ક્ષેત્રફળનો છે તે પણ વાદીએ કામમાં દર્શાવેલ નથી. જેથી વાદીએ તદન ના સમજ પુર્વકની દાદ માંગેલ હોઈ માન્ય રાખવા પાત્ર નથી તેમજ દસ્તાવેજ રદ કરવાની બાબતે પ્રતિવાદી નં.૧ નાનો સાચો હકક હિસ્સો વેચાણ કરેલા હોઈ જેથી પણ દસ્તાવેજ રદ થવાને પાત્ર નથી. પ્રતિવાદી નં.૧ નાએ દસ્તાવેજ કરી આપ્યા પછી અન્ય કોઈપણ પ્રકારના પ્રતિનિધિ ને કે એસાઈનીઓને લખાણ કે કરાર કરી આપવાનો પ્રશ્ન ઉભો થતો નથી. પ્રતિવાદી નં.૧ નાઓની હકીકત અને વિગત જોતા નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવો હુકમ આ

કામે કરવા અરજ કરેલ છે.

વધુમાં પ્રતિવાદી નં.૬, ૭ નાઓએ આંક–૩૨ થી તથા પ્રતિવાદી નં.૮ નાઓએ આંક–૩૪ થી વાદીના હાલના દાવાનો લેખીત જવાબ રજુ કરેલ છે અને વાદીના દાવાની કબુલ મંજુર કર્યાની સીવાયની હકીકતનો ઈન્કાર કરેલ છે અને ખરી હકીકતે જણાવેલ છે કે, વાદીએ રજુ કરેલ પેઢીનામાની કોઈ જાત માહીતી નથી,પ્રતિવાદીઓએ વેચાણ રાખી તે સમયે ૭/૧૨ માં જે નામો હતો તે કુલ ક્ષેત્રફળના માલીક ગણાય અને તે રીતે સરકારશ્રીના પ્રતિનિધિ તે ઈ–ધરાના મામલતદારે એલ.આર.સી. બનાવેલ અને સબ રજીસ્ટ્રાર સાહેબે દસ્તાવેજ કરેલ. જો વાદીનો હકક હિસ્સો પોષાતો હોય તો સરકારશ્રી ઘ્વારા નિમાયેલ એલ.આર.સી.ના અધિકારીશ્રીએ ઘ્યાન દોરવું જોઈએ અને દસ્તાવેજ રોકવો જોઈએ. પ્રતિવાદી ઓએ વાદીને કયારેય જોયા નથી કે જમીનમાં અટકાવ્યા નથી કે કોઈ ધમકી આપેલ નથી અને જો આવો કોઈ બનાવ બનેલ હોય તો પોલીસ સ્ટેશનને કોઈ ફરીયાદ થયેલ નથી. પ્રતિવાદી ઓએ કોઈનો હકક હિસ્સો ડુબાડેલ નથી. આ કામે દર્શાવેલ તકરારી કેસ નંબર–૧૫૮ ની જે વિગત જણાવે છે તેમાં વાદી પોતે કબુલ કરેલ છે કે, વાદી પાસે પુરતી માહીતી નથી માત્ર દાવાનું કારણ ઉભુ કરવા દર્શાવેલ છે. દાવાવાળી જમીનના ૭/૧૨ ના ઉતારામાં દસ્તાવેજ સમયે વાદીનો હકક ન હતો કે વાદીનું નામ સામેલ ન હતુ. પ્રતિવાદીઓએ સદર જમીનનો સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોને આધીન રહી દસ્તાવેજ કરાવેલ હોય જેથી કે બીનઅમલી થવાનો પ્રશ્ન રહેતો નથી. પ્રતિવાદીઓના નામ ૭/૧૨ ની નકલમાં પ્રસ્થાપિત થયેલ છે તેમજ ફેરફાર નોધ નં.૮૬૯ થી પ્રમાણીત થયેલ છે આમ પ્રતિવાદી ઓ કાયદેસરના પ્રમાણીત ખેડુત હોવાથી પ્રતિવાદીઓના નામ સામે કોઈ મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને ખેતીના કામે વિવિધ જગ્યાએ રજુઆત કરવામાં અગવડ ઉત્પન્ન થાય જયારે આ કામે મનાઈ હુકમ ના આપવામાં આવે તો વાદીને કોઈપણ જાતનું નુકશાન સહન કરવાનું નથી કારણ કે વાદીનો વાદીએ દર્શાવ્યા તે પ્રમાણે આ કામના પેરા નં.૩ માં વારસાઈ જોતા ૧/૬ ભાગ સુચીત થાય છે તે વાદીના કહેવા પ્રમાણે છે પરંતુ આવો કોઈ પુરાવો આ કામે રજુ

થયેલ નથી. જેથી વાદીને માંગ્યા મુજબની દાદ મળી શકે નહી તેવી રજુઆત કરેલ છે.

(૩.૧) પ્રતિવાદી નં.ર થી પ નાઓને પુરતી તક આપવા છતાં જવાબ રજુ કરેલ ન હોય તા.૩૦/૭/૧પ ના રોજ આંક–૧ લગત હુકમ કરી પ્રતિવાદી નં.ર થી પ નો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવે છે.

(૪) વાદી ધ્વારા દાવાના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૬૭ | વાદી ભેમાભાઈ શકરાભાઈ સોઢાની સરતપાસનું સોગંદનામું |

**<u>દસ્તાવેજી પુરાવો</u>.**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૮૪ | મોજે ગામ મોટી ટીંબલીના બ્લોક/સર્વે નં.૩૭ ની ૭/૧ર ની ખરી નકલ |
| ર | ૮પ | પેઢીનામું |
| ૩ | ૮૬ | ગામ નમુનો નં.૬ હકક પત્રક નોંધ નં.૮પ૪ |
| ૪ | ૮૭ | ગામ નમુનો નં.૬ હકક પત્રક નોધ નં.૮૬૯ |
| પ | ૮૮ | વેચાણ દસ્તાવેજ નં.૭૯૩/ર૦૧ર ની નકલ |
| ૬ | ૮૯ | મોજે ગામ મોટી ટીંબલીના બ્લોક/સર્વે નં.૩૭ ની ગામ નમુનો નં.૭ નો ઉતારો |
| ૭ | ૯૦ | પ્રતિશ્રી, અધ્યક્ષ અને કલેકટરશ્રી, નડીઆદને કરેલ અરજી |
| ૮ | ૯૧ | પેઢીનામું |

(પ) આ કામે વાદી તરફે રજુ કરેલ પુરાવાના સબંધે પ્રતિવાદીઓ તરફે હાજર રહી વાદીના પુરાવાની ઉલટ તપાસ કરેલ નથી જે બાબતે વાદી તરફેની આંક–૮૩ ની અરજી લગત પ્રતિવાદીઓના વાદીની ઉલટ તપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.ત્યાર બાદ પ્રતિવાદીઓ તરફે કોઈ હાજર રહી પુરાવો રજુ કરેલ ન હોય તા.૯/૧ર/રર ના રોજ પ્રતિવાદીઓનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવે છે.

(પ.૧) વાદી તરફે વિ.વ.શ્રી નાઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

જયારે પ્રતિવાદીઓ તરફે કોઈ હાજર રહી દલીલ કરેલ ન હોય, વાદી તરફે આંક–૯ ૮ ની અરજી લગત પ્રતિવાદીઓની દલીલ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રી ધ્વારા **આંક–૫૫** થી ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે અને તેનો નિર્ણય મારે કરવાનો છે.

**મુદ્દા**

| | |
|---|---|
| ૧ | શું વાદી સાબીત કરે છે કે, દાવાવાળી મીલકત વાદીના ગુજ.પિતા શકરાજી કાળાજીની વડીલોપાર્જીત હોય વાદીનો વણવહેંચાયેલ હિસ્સો તેમાં સમાયેલ છે. ? |
| ૨ | શું વાદી સાબીત કરે છે કે, પ્રતિવાદી નં.૧ નાએ ખોટુ સોગંદનામુ અને પંચનામા આધારે ખોટું પેઢીનામુ બનાવી દાવાવાળી મીલકતમાં ફે.નોંધ નં.૮૫૪ ની પડાવી પ્રમાણીત કરાવેલ ? |
| ૩ | શું વાદી સાબીત કરે છે કે, દાવાવાળી મીલકતમાં તેઓનો વારસાઈ હકક હોય વેચાણ દસ્તાવેજ નંબર ૭૯૩/૧૨ પોતે કરી આપેલો ના હોય દસ્તાવેજ અધુરો હોય બીનઅમલી છે. ? |
| ૪ | શું પ્રતિવાદી નં.૧ સાબીત કરે છે કે, તેઓએ દાવાવાળી મીલકત પૈકી પોતાનાં હિસ્સાની જમીનનું જ વેચાણ કરેલ છે. ? |
| ૫ | શું પ્રતિવાદી નં.૬ થી ૮ નાં સાબીત કરે છે કે, દાવાવાળી મીલકત તેઓએ રજી.વેચાણ દસ્તાવેજથી મેળવી કબજો ભોગવટો ધરાવે છે ? |
| ૬ | શું પ્રતિવાદી નં. ૬ થી ૮ નાં સાબીત કરે છે કે,તેઓ દાવાવાળી મીલકતનાં બોનાફાઈડ પર્ચેઝર છે? |
| ૭ | શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| ૮ | શું હુકમ અને હુકમનામુ ? |

**(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.**

૧. હકારમાં,

૨. હકારમાં,

૩. હકારમાં,

૪. નકારમાં,

૫. નકારમાં,

૬. નકારમાં,

૭. હકારમાં,

૮. આખરી હુકમ મુજબ.

**<u>મુદ્દા નં.૧ થી ૩ :</u>**

(૮) આ કામે મુદા નં.૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલ હોય મુદા નં.૧ થી ૩ ની ચર્ચા એકી સાથે કરવામાં આવે છે.

(૯) આંક–૮૪ થી રજુ ગામ નમુના નં.૭/૧૨ ધ્યાને લેતાં મહેમદાવાદ તાલુકાના મોટી ટીંબલી ખાતે આવેલ સીમ જમીન બ્લોક સર્વે નં.૩૭ વાળી જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૦–૮૮–૦૨ વાળી મીલકતમાં કબજેદાર તરીકે સુરજબેન માનાજી હરીજીની દીકરી, શકરાજી કાળાજી તથા ફતાજી કાળાજી ના નામ આવેલ છે. જેમાં ખેડુત તરીકે સને ૨૦૦૮–૦૯ થી ૨૦૧૦–૧૧ સુધી માનાજી હરીજીનું નામ તા.૪/૧૨/૧૦ ની સ્થિતિએ દર્શાવેલ છે.

આંક–૮૫ થી રજુ શકરાજી કાળાજી સોઢાનું પેઢીનામુ ધ્યાને લેતાં તેમના વારસદાર તરીકે ચંચળબેન પત્ની જેઓ હયાત નથી તેમજ પુત્ર મંગળજી, પોપટભાઈ અને ભલાભાઈનું નામ દર્શાવેલ છે જે પેઢીનામુ તા.૧/૧૧/૧૧ ના રોજ ત.ક.મંત્રીશ્રી ઘોડાસર નાઓએ પંચોના જણાવ્યા મુજબ કરેલાનું જણાય છે. તેમજ આંક–૮૬ થી રજુ ગામ નમુના નં.૬ હકક પત્રક ધ્યાને લેતાં નોંધ નં.૮૫૪ તા.૯/૧૧/૧૧ ની વારસાઈ નોંધ જેમાં બ્લોક સર્વે નં.૩૭ ના ખાતેદાર ખેડુત શકરાજી કાળાજી નાઓનું તા.૧૫/૬/૧૧ ના રોજ અવસાન થતાં સીધી લીટીના વારસદારો રજુ થયેલ પેઢીનામા તથા સોગંદનામા આધારે મંગળજી શકરાજી, પોપટભાઈ શકરાજી, ભલાજી શકરાજી સોઢાનું નામ તા.૯/૩/૧૨ ના રોજ દાખલ થઈ પ્રમાણીત થયેલ છે.

આંક–૮૭ થી રજુ ગામ નમુના નં.૬ હકક પત્રકની નોંધ નં.૮૬૯ તા.૧૨/૭/૧૨ ની વેચાણ નોંધ ધ્યાને લેતાં સર્વે નં.૩૭ વાળી જમીન જેનું ક્ષેત્રફળ ૦.૮૮૦૨ હે.આરે.ચો. મોજે ટીંબલી તા.મહેમદાવાદના કબજેદાર ભલાભાઈ શકરાજી, પોપટભાઈ શકરાજી તથા ફતાજી કાળા તથા મંગાજી શકરાજી સોઢાના નામે ચાલે છે તે જમીન તા.૧૨/૭/૧૨ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજ નં.૭૯૩/૧૨ થી માર્કેટ વેલ્યુ રૂા.૯,૫૯,૪૧૮/– અને અવેજની રકમ રૂા.૪,૭૧,૦૦૦/– માં વેચાણ આપેલ છે જે સોલંકી અરવિદજી શંભુજી, બચુજી શંભુજી અને ગેમાજી શંભુજી સોલંકી નાઓને વેચાણ આપતા જમીન ધારણ કરનારના નામ કમી કરી વેચાણ કરનારનું નામ

દાખલ કરી તા.૧૨/૩/૧૩ ના રોજ પ્રમાણીત થયેલ છે અને તેમાં મળેલ વાંધા અરજી દફતરે કરી નોંધ નં.૮૬૯ પ્રમાણીત થયેલ છે.

આંક-૮૮ થી રજુ રજી.વેચાણ દસ્તાવેજ નં.૭૯૩/૧૨ ધ્યાને લેતાં મોજે ટીંબલી ગામની સીમ જમીન ખાતા નં.૪૨, બ્લોક સર્વે નં.૩૭, હે.આરે.ચોમી. ૦-૮૮-૦૨ વાળી જમીન વેચાણ દસ્તાવેજ રૂ.૪,૭૧,૦૦૦/- ના અવેજથી સોલંકી અરવિંદજી શંભુજી, સોલંકી બચુજી શંભુજી અને ગેમાજી શંભુજી સોલંકી નાઓનું નામ વેચાણ લેનાર તરીકે તેમજ ભલાભાઈ શકરાજી સોઢા, પોપટભાઈ શકરાજી સોઢા તથા ફતાજી કાળાજી તથા મંગળજી શકરાજી સોઢાનું નામ વેચાણ આપનાર તરીકે દર્શાવેલ છે. તેમજ સદર જમીનનો કબજો વેચાણ આપનારે વેચાણ લેનારને સદર દસ્તાવેજ આધારે સોંપેલાનું જણાવેલ છે. તેમજ દસ્તાવેજમાં વેચાણ આપનાર તથા વેચાણ લેનારના ફોટા તથા સહીઓ છે તથા સાક્ષીઓની સહીઓ સબ રજીસ્ટ્રારશ્રી મહેમદાવાદની રુબરુમાં છે.

આંક-૮૯ થી રજુ ગામ નમુના નં.૭ ધ્યાને લેતાં મોટી ટીંબલી ગામની સર્વે નં. ૩૭ વાળી મીલકતનો હે.આરે.ચોમી. ૦-૮૮-૦૨ વાળી સોલંકી અરવિદજી શંભુજી, સોલંકી બચુજી શંભુજી, તથા સોલંકી ગેમાજી શંભુજી નાઓનું નામ કબજેદાર તરીકે તા.૧૪/૩/૧૩ ના રોજ વેચાણ નોંધ નં.૮૬૯ આધારે દાખલ થયેલાનું જણાય છે.

આંક-૯૦ થી રજુ વાદી ભેમાભાઈ શકરાજીએ કલેકટરશ્રી નડીઆદ નાઓને ખોટા પેઢીનામા આધારે ખોટા દસ્તાવેજ કરી વાદીના હકક વિરુધ્ધ તેમની જમીન તબદીલ કરેલ હોય તે અંગે વાંધા રજુ કરેલ છે.

આંક-૯૧ થી રજુ તલાટી કમ મંત્રીશ્રી ઘોડાસરા નાઓ ધ્વારા કરવામાં આવેલ પેઢીનામુ જે શકરાજી કાળાજી સોઢા નું ધ્યાને લેતાં તેમાં ચંચળબેન જેઓ ૨૦ વર્ષ અગાઉ મૈયત તેમજ પુંજીબેન બીજી પત્ની હયાત તેમજ ચંચળબેનના વારસો તરીકે પુત્ર મંગળજી, ભેમાભાઈ, પોપટભાઈ તથા ભલાભાઈનું નામ દર્શાવેલ છે. જે પેઢીનામુ

તા.૩૧/૫/૧૬ ના રોજનું છે. જેમાં સાક્ષીઓના ફોટા તથા સહીઓ સાથેનું પેઢીનામુ છે. તેમજ પેઢીનામા સાથે વાદીનું સોગંદનામુ રજુ થયેલ છે.

જે ઉપરોકત દસ્તાવેજો ઘ્યાને લેતાં આંક–૮૪ વાળા ગામ નમુના ૭/૧૨ કોપી ઘ્યાને લેતાં દાવાવાળી જમીન શકરાજી કાળાજી તથા સુરજબેન તથા ફતાજી કાળાજીના સંયુકત નામે કબજામાં આવેલી હોવાનું જણાય છે. તેમજ આંક–૮૬ વાળા હકક પત્રક ઘ્યાને લેતાં શકરાજી કાળાજી ના નામે બ્લોક સર્વે નં.૩૭ વાળી દાવાવાળી જમીન આવેલ હોવાનું જણાય છે. જે ઉપરોકત હકીકત બાબતે પ્રતિવાદી તરફે વાદીના પુરાવાની ઉલટ તપાસ કરેલ નથી કે સદર દસ્તાવેજ સાચા ન હોય તે બાબતે અન્ય કોઈ દસ્તાવેજ રજુ રાખેલ નથી. વધુમાં આંક–૮૫ થી રજુ પેઢીનામામાં શકરાજી કાળાજીના વારસોનું વાદી તેમના પુત્ર હોવા છતાં તેનું નામ દર્શાવેલ નથી. જયારે આંક–૯૧ થી રજુ પેઢીનામુ ઘ્યાને લેતાં શકરાજી કાળાજીના વારસોમાં વાદીનું નામ દર્શાવેલ છે. તેમજ ઉપરોકત બંને પેઢીનામામાં તલાટી કમ મંત્રી ઘોડાસરની સહીથી રજુ થયેલ છે. જેમાં આંક–૯૧ વાળુ પેઢીનામુ અસલ રજુ કરેલ છે. તેમજ સદર આંક–૯૧ વાળુ પેઢીનામુ સાચુ નથી તેવી પ્રતિવાદી તરફે કોઈ તકરાર લીધેલ હોય કે વાદીના પુરાવાની ઉલટ તપાસ કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. વધુમાં પ્રતિવાદીઓ તરફે જવાબ રજુ કર્યા બાદ પુરાવાના તબકકે કે દલીલના તબકકે કોઈ હાજર રહેલ નથી. જે ઘ્યાને લેતાં આંક–૯૧ વાળુ પેઢીનામા આધારે વાદી ભેમાભાઈ શકરાભાઈ સોઢા તેઓ શકરાજી કાળાજી તથા ચંચળબેનના પુત્ર હોવાનું જણાય આવે છે. તેમજ દાવા અરજીના પેરા નં.૩ મુજબ વાદવાળી મીલકતના વાદી તથા પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓ સંયુકત માલીક કબજેદાર હોવાનું જણાય છે. જેથી દાવાવાળી બ્લોક સર્વે નં.૩૭ વાળી જમીન વાદીના ગુજરનાર પિતા શકરાજી કાળાજીની વડીલોપાર્જીત મીલકત હોય અને તેમાં વાદીનો ૧/૬ વણ વહેંચાયેલો હિસ્સો રહેલો હોય તે હકીકત પુરવાર કરવામાં વાદી સફળ થયેલ હોય મુદા નં .૧ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

આ કામે આંક–૮૫ થી રજુ પેઢીનામુ જે ત્રણ પંચોની સહીવાળુ છે જેમાં પંચોના જણાવ્યા મુજબ શકરાજીના વારસોમાં ચંચળબેન, મંગળજી, પોપટભાઈ તથા ભલાભાઈના નામ દર્શાવેલ છે. તેમજ આંક–૮૬ થી રજુ હકક પત્રક નોંધ નં.૮૫૪

ને આધારે શકરાજી કાળાજીના અવસાન બાદ તેમના સીધી લીટીના વારસદારોમાં મંગળજી શકરાજી, પોપટભાઈ શકરા તથા ભલાભાઈ શકરાજીના નામ પેઢીનામા તથા સોગંદનામા આધારે દાખલ થયેલ છે. તેમજ સદર નોંધ તા.૯/૩/૧૨ ના રોજ પ્રમાણીત થયેલ છે. જયારે આંક–૯૧ વાળા પેઢીનામુ આંક–૮૫ વાળા પેઢીનામાથી અલગ છે અને તેમાં વાદીનું નામ પણ વારસદાર તરીકે જણાવેલ છે. તેમજ વાદીએ નિ.૬૫ ના લીસ્ટથી શકરાભાઈ કાળાભાઈના રેશન કાર્ડની કોપી રજુ કરેલ છે જેમાં વાદીનું નામ દર્શાવેલ છે. તેમજ આ હકીકતને પ્રતિવાદી તરફે કોર્ટમાં હાજર રહી પડકારેલ નથી. જે ધ્યાને લેતાં વાદીની જાણ બહાર પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૨ થી ૫ ની મદદગારીમાં વાદીનો દાવાવાળી મીલકતમાં હકક પોષાતો હોવા છતાં ખોટુ સોગંદનામુ અને પંચનામુ તૈયાર કરાવી નોધ નં.૮૫૪ આધારે ખોટી વારસાઈ નોંધ પડાવેલ હોવાનું જણાતુ હોય મુદા નં.૨ ની હકીકત પુરવાર કરવામાં વાદી સફળ થયેલ હોય મુદા નં.૨ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

ઉપરોકત મુદા નં.૧ ધ્યાને લેતાં શકરાજી કાળાજીની વડીલોપાર્જીત મીલકતમાં વાદીનો હીસ્સો વણવહેચાયેલો હોય તેમજ પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓએ ખોટુ સોગંદનામુ તથા પંચનામુ તૈયાર કરાવી વાદી વારસ તરીકે હોવા છતાં નોંધ નં.૮૫૪ ને આધારે વારસાઈ નોધ પડાવેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે. તેમજ આંક–૮૮ થી રજુ વેચાણ દસ્તાવેજ નં.૭૯૩/૧૨ આધારે પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ પ્રતિવાદી નં. ૬ થી ૮ નાઓને દાવાવાળી ટીંમલી ગામની સીમ જમીન ખાતા નં.૪૨, બ્લોક સર્વે નં.૩૭, ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦–૮૮–૦૨ વાળી જમીન રૂા.૪,૭૧,૦૦૦/– ના અવેજ થી ઉપરોકત વેચાણ દસ્તાવેજ આધારે વેચાણ કરેલાનું જણાય છે. જે બ્લોક સર્વે નં.૩૭ વાળી જમીન મુદા નં.૧ તથા નં.૨ માં કરેલ ચર્ચા આધારે વડીલોપાર્જીત મીલકતમાં વાદીનો હકક વારસદાર તરીકેનો પોષાતો હોય તે હકીકત પુરવાર થયેલ છે. તેમજ વેચાણ દસ્તાવેજ નં.૭૯૩/૧૨ માં મીલકત વેચાણ લખી આપનાર તરીકે વાદીનું નામ ન હોય કે વાદીની કોઈ સમંતિવાળો કોઈ દસ્તાવેજ રજુ કરેલ ન હોય સદર વેચાણ દસ્તાવેજ અધુરો હોય તેવું જણાય છે. વધુમાં વાદીએ સદર વારસાઈવાળી મીલકતમાં કોઈ દસ્તાવેજ પ્રતિવાદી નં.૬ થી

૮ નાઓને કરી આપેલ ન હોય સદર વેચાણ દસ્તાવેજ નં.૭૯૩/૧૨ વાળો દસ્તાવેજ અધુરો અને બીનઅમલી હોવાનું પુરવાર કરવામાં વાદી સફળ થયેલ હોય મુદા નં.૩ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

**મુદા નં.૪ થી ૬ :**

**(૧૦)** વાદી તરફે રજુ કરેલ આંક-૬૭ ના પુરાવા તથા આંક-૮૪ થી ૯૧ વાળા દસ્તાવેજો બાબતે પ્રતિવાદીઓ તરફે કોઈ હાજર રહી સદર દસ્તાવેજોને પડકારેલ નથી કે વાદીની ઉલટ તપાસ કરેલ નથી. તેમજ પ્રતિવાદી નં.૧ નાએ આંક-૨૦ થી જવાબ રજુ કરેલ છે પરંતુ તે જવાબ સાથે કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી કે પુરાવાના તબકકે હાજર રહી વાદી તરફે રજુ દસ્તાવેજ પડકારેલ નથી. તેમજ દાવાવાળી મીલકતમાં પ્રતિવાદી નં.૧ નો હિસ્સો કેટલો હતો તે અંગેનો કોઈ પુરાવો પ્રતિવાદી નં.૧ નાએ આપેલ નથી. પ્રતિવાદી નં.૧ નાએ આંક-૨૦ થી રજુ જવાબમાં પોતાના હિસ્સાની જમીનનું વેચાણ કરેલાનું જણાવેલ છે અને વાદીના હકક હિસ્સાની જમીનનું વેચાણ તેઓએ કરેલ નથી તેવું જણાવેલ છે. પરંતુ આંક-૮૪ વાળો ૭/૧૨ ધ્યાને લેતાં તેમજ આંક-૮૬ વાળા હકક પત્રક ધ્યાને લેતાં બ્લોક સર્વે નં.૩૭ વાળી જમીનના શકરાજી કાળાજી માલીક કબજેદાર હતા અને ત્યાર બાદ વાદી તથા પ્રતિવાદી નં.૨ થી ૬ નાઓ વારસાઈ આધારે સદર મીલકતમાં કબજેદાર હોવાની હકીકત મુદા નં.૧ તથા મુદા નં.૨ માં ચર્ચા કરેલ હકીકતો ધ્યાને લેતાં જણાય છે. તેમજ આંક-૮૮ થી રજુ વેચાણ દસ્તાવેજમાં બ્લોક સર્વે નં.૩૭ વાળી જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચોમી. ૦-૮૮-૦૨ નું વેચાણ કરેલાનું સદર દસ્તાવેજ આધારે જણાય છે અને તે જ ક્ષેત્રફળવાળી જમીન શકરાજી કાળ ાજીના નામે ચાલતી હોવાનું જણાય છે. જે ધ્યાને લેતાં ઉપરોકત જણાવેલ ક્ષેત્રફળવાળી જમીન પુરેપુરી વેચાણ થયેલાનું જણાય છે. તેમજ ઉપરોકત જણાવેલ ક્ષેત્રફળવાળી જમીનનો કોઈ ટુકડો વેચાણ કરેલ હોય તેવું રજુ કરેલ દસ્તાવેજ જોતાં જણાય આવતું નથી. જે ધ્યાને લેતાં દાવાવાળી મીલકત પૈકી પ્રતિવાદી નં.૧ નાએ પોતાના હિસ્સાની જમીનનું વેચાણ કરેલ હોય તે હકીકત પુરવાર કરવામાં પ્રતિવાદી નં.૧ નાઓ સફળ થયેલ ન હોય મુદા નં.૪ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

આ કામે મુદા નં.૩ ની ચર્ચા ધ્યાને લેતાં વેચાણ દસ્તાવેજ નં.૭૯૩/૧૨ વાળો દસ્તાવેજ અધુરો અને બીનઅમલી હોવાની હકીકત પુરવાર કરવામાં વાદી સફળ થયેલ છે. જે ધ્યાને લેતાં આંક–૮૮ વાળા વેચાણ દસ્તાવેજ આધારે પ્રતિવાદી નં.૬ થી ૮ નાઓએ સદર દાવાવાળી જમીનના માલીક કબજેદાર થયેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ નથી તેમજ વાદી તરફે રજુ પુરાવો તથા દસ્તાવેજોની પ્રતિવાદી નં.૬ થી ૮ નાઓએ કોર્ટમાં હાજર રહી પડકારેલ નથી. તેમજ વાદીએ જણાવેલ દાવા અરજીની હકીકત ખોટી છે તે અંગેનો કોઈ પુરાવો પ્રતિવાદી નં.૬ થી ૮ નાઓએ આપેલ નથી. જે ધ્યાને લેતાં પ્રતિવાદી નં.૬ થી ૮ નાઓ દાવાવાળી મીલકત રજી.વેચાણ દસ્તાવેજથી મેળવી તેનો કબજો ભોગવટો ધરાવતા હોવાની હકીકત પુરવાર કરવામાં પ્રતિવાદી નં.૬ થી ૮ સફળ થયેલ ન હોય મુદા નં.૫ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

આ કામે પ્રતિવાદી નં.૬ થી ૮ નાઓએ આંક–૮૮ વાળા વેચાણ દસ્તાવેજ આધારે દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવેલ છે પરંતુ પ્રતિવાદી નં.૬ થી ૮ નાએ દાવાવાળી જમીન ખરીદી તે પહેલાં જમીન ખરીદવા બાબતે કોઈ જાહેર નોટીસ છપાવેલ હોય તે અંગેનો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. તેમજ દાવાવાળી જમીનની આજુબાજુ ખેતર માલીકો પાસેથી દાવાવાળી જમીનના કુલ કેટલા કબજેદાર છે તે અંગેની માહીતી મેળવેલ હોય તેવો કોઈ પુરાવો પણ પ્રતિવાદી નં.૬ થી ૮ નાએ આ કામે રજુ કરેલ નથી. વધુમાં શકરાજી કાળાજી ના રેશન કાર્ડમાં તેમના વારસ તરીકે કેટલી વ્યકિત છે તે અંગેની કોઈ ખરાઈ પ્રતિવાદી નં.૬ થી ૮ નાએ કરેલ હોય તેવો પણ કોઈ પુરાવો તેઓએ રજુ કરેલ નથી. જે ધ્યાને લેતાં દાવાવાળી મીલકતના પ્રતિવાદી નં.૬ થી ૮ નાઓ બોનાફાઈડ પરચેઝર હોય તે હકીકત પુરવાર કરવામાં પ્રતિવાદી નં.૬ થી ૮ નાઓ સફળ થયેલ ન હોય મુદા નં.૬ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

આ કામે શકરાજી કાળાજીની વડીલોપાર્જીત મીલકતમાં વાદીનો વણ વહેચાયેલ હિસ્સો હોય તેમજ પ્રતિવાદી નં.૧ નાએ ખોટુ સોગંદનામુ અને પંચનામુ કરાવી દાવાવાળી મીલકતની ફેરફાર નોધ નં.૮૫૪ ની ખોટી રીતે પડાવેલ હોય તેમજ વેચાણ દસ્તાવેજ નં.૭૯૩/૧૨ વાળો અધુરો અને બીનઅમલી હોય તે હકીકત પુરવાર કરવામાં

વાદી સફળ થયેલ હોય મુદા નં.૧ થી ૩ નો જવાબ હકારમાં ઠરાવેલ છે. તેમજ દાવાવાળી મીલકતમાં ફકત પોતાનો જ હકક, હિસ્સો પ્રતિવાદી નં.૧ નાએ વેચાણ કરેલ હોય તે હકીકત પુરવાર કરવામાં પ્રતિવાદી નં.૧ સફળ થયેલ ન હોય મુદા નં.૪ નો જવાબ નકારમાં ઠરાવેલ છે. તેમજ દાવાવાળી મીલકત વેચાણ દસ્તાવેજ આધારે પ્રતિવાદી નં. ૬ થી ૮ ના કબજા ભોગવટાની હોય કે તેઓ બોનાફાઈડ પરચેઝર હોય તે હકીકત પુરવાર થયેલ ન હોય મુદા નં.૫ તથા નં.૬ નો જવાબ નકારમાં ઠરાવેલ છે. જે ઉપરોકત મુદાઓની ચર્ચા કરેલના કારણો આધારે વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર હોય મુદા નં.૭ નો જવાબ હકારમાં ઠરાવી મુદા નં.૮ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) વાદીનો દાવો મંજુર કરવામાં આવે છે.

(૨) આથી એવો હુકમ કરવામાં આવે છે કે, મહેમદાવાદ તાલુકાના મોજે ગામ મોટી ટીંબલીની સીમના બ્લોક/સર્વે નં.૩૭, ખાતા નં.૪૨, હે.આરે. ૦૦–૮૮–૦૨, ચો.મી.આકાર રૂા.૩.૮૧ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીનમાં વાદીનો કાયદેસરનો વડીલોપાર્જીત ૧/૬ હકક હિસ્સો પોષાય છે.

તેમજ પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓ પ્રતિવાદી નં.૬ થી ૮ નાઓને લખી આપેલ કહેવાતો રજી.વેચાણ દસ્તાવેજ નં.૭૯૩/૧૨ શરુઆતથી જ ખોટો, ગેરકાયદેસરનો તથા અધુરો હોઈ બીનઅમલી અને વાદીને બંધનકર્તા નથી. તેમજ સદર દસ્તાવેજ રદબાતલ ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં મહેમદાવાદ તાલુકાના મોજે ગામ મોટી ટીંબલીની સીમના બ્લોક/સર્વે નં. ૩૭, ખાતા નં.૪૨, હે.આરે.૦૦–૮૮–૦૨, ચો.મી.આકાર રૂા.૩.૮૧ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન આ કામના પ્રતિવાદી નં.૬ થી ૮ પોતે જાતે અથવા તેમના માણસો, નોકરો, એજન્ટો, કુલમુખત્યારો, એસાઈનીઓ, ટ્રાન્સફરીઓ વગેરે દ્વારા કોઈને કોઈપણ પ્રકારે વેચાણ, ભાડે, ગીરો, બક્ષીસ, એસાઈન કે ટ્રાન્સફર વગેરેના કોઈપણ પ્રકારના લખાણ / લખાણો/ વ્યવહારોના આધારે સદરહું જમીનોનો કોઈને પ્રત્યક્ષ કબજો સોંપશે કે સોંપાવશે નહી તથા આવા કોઈપણ પ્રકારના લખાણ/

વ્યવહારના આધારે સદરહું જમીન ઉપર કોઈપણ પ્રકારની લોન લઈ સદરહું જમીન ઉપર બોજો તારણ ઉભુ કરશે કરાવશે નહી તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) દાવા અરજીમાં જણાવેલ મિલ્કત જમીન જે ખેડાણવાળી હોવાથી અને સરકારની મહેસુલની ચુકવણી માટે આકારણી પાત્ર હોવાથી સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર-૨૦,રુલ-૧૮ તથા કલમ-૫૪ ની જોગવાઈઓ ધ્યાને લેતા ઉપર જણાવેલ મિલ્કતો (જમીન) ની વહેંચણી કરવા માટે કલેકટરશ્રી મહેમદાવાદને પ્રાથમિક હૂકમનામાના અમલીકરણ માટે એટલે ઉપરોકત મિલ્કતોની ઉપજ-નીપજ સાથે વહેંચણી કરવા કોર્ટ કમિશ્નર તરીકે નિયુકત કરવામાં આવે છે.કલેકટરશ્રી એ પોતે કે તેમના વતી તેમના તાબા હેઠળના કોઈ ગેઝેટેડ મહેસૂલ અધિકારી મારફત પ્રાથમિક હૂકમનામાની અમલીકરણની કાર્યવાહી કરી શકશે.

વધુમાં, હૂકમ કરવામાં આવે છે કે, કોર્ટ કમિશ્નરશ્રી આખરી હૂકમના પેરા નં-૧ માં જણાવેલ મહેમદાવાદ તાલુકાના મોજે ગામ મોટી ટીંબલીની સીમના બ્લોક/સર્વે નં.૩૭, ખાતા નં.૪૨, હે.આરે. ૦૦-૮૮-૦૨, ચો.મી.આકાર રૂા.૩.૮૧ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીનમાં વાદી તથા પ્રતિવાદીઓના ભાગે મળવાપાત્ર ભાગમાં ઉપજ- નીપજ સાથે એક અહેવાલ તૈયાર કરશે. ખેતીની જમીનની વહેંચણી કરતા પહેલા વહેંચણી કરતા સમયે બોમ્બે પ્રિવેન્શન ઓફ મહેમદાવાદ તાલુકાના મોજે ગામ મોટી ટીંબલીની સીમના બ્લોક/સર્વે નં.૩૭, ખાતા નં.૪૨, હે.આરે. ૦૦-૮૮-૦૨, ચો.મી.આકાર રૂા.૩.૮૧ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીનમાં ફ્રેગમેન્ટેશન એન્ડ કોન્સોલીડેશન ઓફ હોલ્ડીંગ્સ એકટ-૧૯૪૭ ની જોગવાઈઓ ધ્યાનમાં લેવાની રહેશે. કોર્ટ કમિશ્નરશ્રીએ અહેવાલમાં ફાળવેલ જગ્યાનું માપ બતાવવા અલગ-અલગ સાહીઓ (કલર) નકશો તૈયાર કરશે. કોઈપણ મિલ્કત પેટા વિભાજીત હોવાના કિસ્સામાં દરેક પેટા મિલ્કતનો વિસ્તાર અહેવાલમાં આપવાનો રહેશે અને તે પણ જણાવવાનું રહેશે કે જમીનને કેવી રીતે વિભાજીત કરવી. શેડયુલ અને નકશા સાથેનો અહેવાલ જે કોઈ હોય તેને કમિશન સાથે જોડવાના રહેશે. કમિશનપત્ર મળ્યેથી દિન-૬૦ માં ઉપરોકત અહેવાલ કોર્ટમાં રજુ કરવાનો રહેશે. રીપોર્ટ અને અહેવાલ અંગે પક્ષકારો જે વાંધો ઉઠાવશે તે સાંભળ્યા પછી તે પુષ્ટી કરશે, ભીન્ન થશે તો અલગ રાખશે. વધુમાં, એવો હૂકમ કરવામાં આવે છે કે, પ્રાથમિક ડીક્રીના અમલીકરણ માટે હાલના તબકકે આ કામના વાદીએ રૂ.૫૦૦૦/- કોર્ટમાં જમા કરાવવા અને કોર્ટ કમિશનની કાર્યવાહી દરમ્યાન જે કોઈ

વધારે ખર્ચો થાય તે અંગે આ કામના વાદીએ બાંહેધરી રજુ કરવી. કમિશનપત્ર ઈસ્યુ કરતા પહેલા સદર કામના ખર્ચની રકમ તેમજ બાંહેધરી રજુ કરવાની હોય યોગ્ય હૂકમ માટે સદર કામ તા.૨૭.૧૦.૨૦૨૩ ના રોજ મુલત્વી રાખવાનો હૂકમ કરવામાં આવે છે.

(૪) હુકમ મુજબ પ્રાથમીક હુકમનામુ દોરવું.

(૫) દાવાના ખર્ચ અંગે હાલ કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ, આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ:–મહેમદાવાદ.**

**તારીખ.૧૩/૦૯/૨૦૨૩.**

**(મનન એસ.સોની)**
**પ્રિન્સીપાલ સીવીલ જજ,**
**મહેમદાવાદ, કોડ નં.જી.જે.૦૧૨૬૨**